# શહેરમાં ડેન્ગ્યુના કેસો વધુ ૧૦ મળ્યા : કુલ કેસ ૪૫૦ ને પાર

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાંથી આજે પણ ડેન્ગ્યુના વધુ ૧૦ કેસ મળી આવ્યા છે. જે આ સાથે શહેરમાં આ વર્ષે નોંધાયેલા કુલ કેસ ૪૫૦ના આંકને પાર કરી ગયા છે.

તંત્ર દ્વારા ડેન્ગ્યુના કેસોને નિયંત્રિત કરવા માટે નવા સંવેદનશીલ વિસ્તારો જે ઓળખી કાઢવામાં આવ્યા છે તેમાં સતત અને સઘન સર્વેલન્સ ઉપરાંત એન્ટી લારવેલ તેમજ ફોગીંગની કામગીરીને વેગીલી બનાવી છે.

શહેરમાં ડેન્ગ્યુના કેસો જે છુટાછવાયા મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતામાં વધારો જરૂર કર્યો છે પરંતુ આ પરિસ્થિતિ ઝડપથી નિયંત્રણમાં આવી જશે તેમ તંત્રના સૂત્રોનું કહેવુ છે.

દરમ્યાન તંત્રએ દાવો કર્યો છે કે શહેમરાં ગત વર્ષની તુલનામાં મેલેરિયાના કેસોમાં ૪૦ ટકાથી વધુનો ઘટાડો નોંધાયો છે. જો કે ડેન્ગ્યુના કેસોમાં વધારો જરૂર થયો છે પરંતુ આ કેસો છુટા છવાયા નોંધાયા છે.

વરસાદની બદલાયેલી પેટર્ન અને વધુ પડતા વરસાદને પગલે આ કેસોની સંખ્યામાં વધારો થયો હોવાનુ પણ તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

# જિલ્લામાં રવિ સીઝનની વાવણીનો આરંભ થયો

### ઘઉં અને બટાટાની ખેતીમાં વિક્રમી વાવેતર થવાના સંકેતો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનની વાવણીનો ધીમી ગતિએ આરંભ થયો છે. આ સીઝનમાં બટાટા અને ઘઉંનુ વાવેતર વિક્રમી થશે તેવુ ખેડૂતોનુ માનવુ છે.

જિલ્લામાં માણસા અને દહેગામ પંથકમાં બટાટાના વાવેતરનો આરંભ થઈ ગયો છે જો કે આ આરંભ હાલ ધીમી ગતિનો છે પણ ૧૫મી પછી તેમાં વેગ આવશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં ઘઉંના બિયારણ માટે ખેડૂતોએ જે રીતે હાલ દોટ લગાવી છે તેને પગલે ઘઉંનું વિક્રમી વાવેતર થવાના અંદાજો ખેડૂત આગેવાનો કહી રહ્યા છે. હાલ ૧૨૦૦ થી ૧૩૦૦ નો ભાવ ઘઉંના બિયારણનો ચાલી રહ્યો છે.

જિલ્લામાં પાછોતરો વરસાદ સારો થયો છે અને આ વખતે સમગ્ર ચોમાસા દરમ્યાન ૧૧૫ ટકાથી વધુ વરસાદ થતાં જિલ્લાની જમીનમાં ભેજનું પ્રમાણ પણ સારૂ હોવાથી રવિ વાવેતર પણ ૭૦ હજાર હેક્ટરને પાર કરશે તેવા અંદાજો છે.

હવામાન ખાતા દ્વારા પણ ૧૫મીથી વિધિવત્ શિયાળાનું આગમન થશે અને ઠંડીનું પ્રમાણ પણ વધુ રહેશે તેવી આગાહી કરવામાં આવી છે. આથી ખેડૂતોનુ માનવુ છે કે ઠંડીને કારણે ઘઉંના પાકને સારૂ વાતાવરણ મળી રહેશે.

જિલ્લામાં રવિ સીઝનના વાવેતરને લઈ કેટલાક તાલુકામાં તો ખેડૂતો દ્વારા ખેતરો પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે. બટાટામાં આ વખતે કોન્ટ્રેક્ટ ફાર્મિંગનો ટ્રેન્ડ વધારે જોવા મળે છે. ખાસ કરીને માણસા અને દહેગામ તેમજ ગાંધીનગર તાલુકાની પૂર્વ પટ્ટીમાં ખેડૂતો અને કંપનીના માણસો વચ્ચે આને લઈ બેઠકોનો દોર પણ ચાલી રહ્યો છે.

જિલ્લામાં પોખરાજ, લોકર, બાદશાહ જેવી બટાટાની જાતોનું વધારે વાવેતર થશે તેમ મનાઈ રહ્યુ છે. લોકર બટાટા એ ખાસ કરીને કાતરી માટે વધારે વપરાશમાં લેવાય છે. તેથી ખેડૂતો દ્વારા તેના બિયારણ મેળવવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

# જિલ્લા પંચાયત દ્વારા પંચાયતીરાજને પ્રજાભિમુખ બનાવવા ચિંતન કાર્યક્રમ

### આગામી ૧૫મીએ જિલ્લાના તમામ ગામોના સરપંચો અને તલાટીઓનું વિશિષ્ટ સંમેલન ગાંધીનગર ખાતે કડી કેમ્પસના હોલમાં યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા પંચાયતી રાજ વ્યવસ્થાને વધુ પ્રજાભિમુખ બનાવવાના અભિગમ સાથે ૧૫મી નવેમ્બરના રોજ જિલ્લાના તમામ ગામોના સરપંચો અને તલાટીઓનું એક વિશિષ્ટ સંમેલન બોલાવવામાં આવ્યુ છે.

કડી સર્વ વિદ્યાલયના હોલમાં યોજાયેલ આ સંમેલનને લઈ પંચાયતના તંત્રએ તૈયારીઓ પણ આરંભી દીધી છે.

સ્નેહમિલન સમારોહના નેજા હેઠળ મળનાર આ સંમેલનમાં સરકારના વિવિધ વિભાગોની યોજનાઓમાં તંત્રને મળેલ સિદ્ધિઓ અંગેનું પ્રેઝન્ટેશન દર્શાવવામાં આવશે. આ ઉપરાંત આગામી દિવસોમાં લક્ષ્યાંક સિદ્ધિ માટે વિભાગો દ્વારા કરાયેલ આયોજનની જાણકારી આપવામાં આવશે.

જિલ્લા વિકાસ અધિકારી ઉપરાંત પંચાયતની વિવિધ સમિતિઓના ચેરમેનો, પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલ પણ આ સ્નેહમિલનમાં હાજર રહેનાર છે.

ખાસ કરીને પંચાયતીરાજ વધુ પ્રજાભિમુખ બને તે દિશા પર આ સ્નેહમિલન સમારોહમાં ભાર મુકવામાં આવશે.

● અનુસંધાન પાન-૫ પર



સ્માર્ટસિટી ગાંધીનગરની સ્વચ્છતા ઉડીને આંખે વળગે તેવી છે પરંતુ આ સ્વચ્છતા જાળવવા એકત્ર કરાયેલો કચરાનો નિકાલ એ મહાનગર માટે માથાના દુઃખાવા સમાન સમસ્યા બની રહેવા પામી છે. સેક્ટર-૩૦માં સાબરમતી નદીના કિનારે જે ડમ્પીંગ સાઈટમાં પાટનગરનો પ્લાસ્ટીક, કપડાં, કોહવાયેલા ખોરાક સહિતનો જે કચરો ઠાલવવામાં આવી રહ્યો છે જેને કારણે સમગ્ર વિસ્તાર દુર્ગંધમય સામ્રાજ્યમાં ફેરવાયો છે અને ત્યાંથી નાગરિકો માટે ચાલતા તો ઠીક વાહન લઈને પણ પસાર થવું એક દુઃસ્વપ્ન સમાન દુષ્કર કાર્ય બની રહ્યું છે.

# ગુડા વિસ્તારમાં ૩.૫૦ કરોડના ખર્ચે નવા ચાર બગીચાઓ બનશે

### ગ્રીનસીટીના કન્સેપ્ટને વેગ આપવા માટે અગાઉ પણ ત્રણ નયનરમ્ય ઉદ્યાનોનુ નિર્માણ કરાયુ હતુ

ગાંધીનગર તા ૧૧

ગુડા વિસ્તારમાં ગ્રીન સીટીના કન્સેપ્ટને વેગ આપવા માટે તબક્કાવાર નવા ઉદ્યાનોનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. અગાઉ પણ સરગાસણ, કુડાસણ અને રાયસણ સહીતના વિસ્તારમાં ત્રણ ઉદ્યાનોનુ લોકાર્પણ કરાયુ હતુ જયારે હાલ પણ પેથાપુર, વાવોલ અને વાસણા હડમતિયા સહીતના ટી પી વિસ્તારમાં નવા બગીચાઓના નિર્માણનુ કામ ચાલી રહ્યુ છે.

ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો સાથે ગ્રીન સીટીના કન્સેપ્ટને વેગ આપવા માટે નવતર આયોજન કરવામાં આવી રહ્યુ છે. ગુડા વિસ્તારમાં ગ્રીનરીને નિખારવા માટે અગાઉ તબક્કાવાર પ્લાન્ટેશન પણ કરવામાં આવ્યુ હતુ જયારે વિકાસના કામોના આયોજન સાથે હરિયાળીને નુકશાન ન પહોંચે તે માટે પણ વિશેષ તેકદારી રાખવામાં આવે છે.ગુડા વિસ્તારમાં સ્થિત વિવિધ ટી પીમાં નવા ઉદ્યાનો પણ બનાવામાં આવી રહ્યા છે. અગાઉ સરગાસણ, કુડાસણ અને રાયસણમાં નવા બગીચાઓનુ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ .જયારે હાલ પણ પેથાપુર, વાવોલ વાસણા હડમતિયા અને સરગાસણ વિસ્તારમાં રૂ ૩.૫૦ કરોડના ખર્ચે નવા બગીચાઓનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. ટુંકમાં જ બગીચાઓનુ કામ પુર્ણ થતા લોકાર્પણ કરવામાં આવશે.

ગુડા વિસ્તારમાં એકબાજુ નવા આવાસોના નિર્માણની કામગીરી માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જયારે નવા આવાસો ઉપરાંત રસ્તા તેમજ સ્ટોર્મ વોટર લાઇનની કામગીરી પણ ટુંકમાં હાથ ધરાશે. ગુડા વિસ્તારની હરિયાળી નિખારવા માટે નવા બગીચાઓનુ પણ નિર્માણ કરવા કામગીરી હાથ ધરવામાં આવી છે. બગીચાઓના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૩.૫૦ કરોડનો ખર્ચ કરાશે.



સ્વચ્છતા અભિયાનના ધજાગરા... - શહેરની સ્વચ્છતા અને સુંદરતા માટે અનેક અભિયાનો ચલાવાય છે... વિવિધ યોજનાઓ ઘડાય છે... ભારેખમ કાર્યક્રમો થાય છે... પરંતુ આ બધાના ધજાગરા ઉડતા હોય એવી આ તસવીર તંત્રવાહકોની આંખ ખોલે એવી છે... શહેરના પહોળા માર્ગો પર ટ્રાફીકના નિયંત્રણ અને સંકલન માટે બનાવાતા ડિવાઈડર કે સુંદરતા માટે બનાવાતી સેન્ટ્રલ વિસ્ટામાં છાણા થાપી જાણે તંત્રવાહકોને પડકાર અપાતો હોય એવી આબેહુબ તસવીર સૌને ચિંતા ઉપજાવે છે...

# સાસણ ગીરમાં સિંહના મોતથી આઘાતનું મોજુ

અમદાવાદ,તા. ૧૧

જૂનાગઢના સાસણ ગીરની સિંહ હોસ્પિટલમાં એક સિંહનું સારવાર દરમ્યાન મોત નીપજવાની ઘટના સામે આવતાં ભારે ચકચાર મચી ગઈ હતી. ખાસ કરીને, સિંહના મોતને લઈ સિંહ અને વન્ય પ્રેમીઓમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. આ સિંહને ત્રણ વર્ષ પહેલા ગીર પશ્ચિમ વિસાવદર રેન્જના રાજપરા રાઉન્ડમાંથી ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં રેસ્ક્યુ કરી લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ છેલ્લા ઘણા સમયથી સાસણ ગીર રેસ્ક્યુ સેન્ટરમાં સારવાર હેઠળ હતો. સ્થાનિક નિષ્ણાત તબીબો દ્વારા તેની સતત જરૂરી સારવાર પણ કરવામાં આવતી હતી પરંતુ અવસ્થાના કારણે તેને જંગલમાં છોડવામાં આવ્યો નહોતો.

# ગુડા વિસ્તારમાં મીટર પધ્ધતિથી પાણી સપ્લાય કરાશે

### પ્રતિદિન ચાર કલાક પાણી સપ્લાય કરવા માટે આગામી તા ૧૮ નવેમ્બરથી ફોર્મનુ વિતરણ શરૂ કરાશે : પાણી ફોર્સથી મળવાની સાથે બગાડની સમસ્યા હલ થશે

ગાંધીનગર તા ૧૧

ન્યુ ગાંધીનગરના વિસ્તારમાં મીટર પધ્ધતિથી પાણી પુરુ પાડવા માટે પ્રોજેકટ તૈયાર કરી દેવાયો છે. મીટર પધ્ધતિથી પાણીનો સપ્લાય મેળવવા માટે ગુડાની સોસાયટીના રહીશોને આગામી તા ૧૮ નવેમ્બરથી ફોર્મનુ વિતરણ કરાશે. હાલ કુડાસણમાં પ્રાયોગિક ધોરણે ૨૪ કલાક મીટર પધ્ધતિથી પાણી આપવા માટે પણ આયોજન કરાયુ છે. હાલ ગુડાના ટી પી વિસ્તારમાં બોર તેમજ પંચાયત કક્ષાએથી પાણી સપ્લાય કરવામાં આવી રહ્યુ છે.

ગુડા વિસ્તારમાં મીટર પધ્ધતિથી પાણી આપવા માટે પ્લાન તૈયાર કરી દેવાયો છે.ગુડાના કુડાસણ, રાયસણ , સરગાસણ, વાસણા હડમતિયા, વાવોલ અને રાંદેસણ સહીતના વિસ્તારમાં મીટર પધ્ધતિથી પાણી સપ્લાય કરવા માટે આયોજન કરાયુ છે. આગામી દિવસોમાં પ્રોજેકટ મુજબ કામગીરી હાથ ધરાશે. જયારે આ કાર્યયોજના અન્વયે આગામી દિવસોમાં ફોર્મ વિતરણ શરૂ કરી દેવાશે. ગુડા વિસ્તારમાં મીટર પધ્ધતિથી પાણી સપ્લાય કરવા માટે આગામી તા ૧૮


● અનુસંધાન પાન-૫ પર

# આવતીકાલે અર્ક વ્યાખ્યાનમાળામાં પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાનું વકતવ્ય

### ગાંધીનગર કલ્ચરલ ફોરમની 'અર્ક' વ્યાખ્યાનમાળા અંતર્ગત ૧૩મી નવેમ્બરે પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝા 'પ્રસન્નતા જ સફળતાની પારાશીશી' વિષયે વકતવ્ય આપશે

ગાંધીનગર, તા. ૧૧

સમાજમાં સદ્‌વિચારોનો પ્રચાર-પ્રસાર થાય અને વિશાળ જનસમૂહ સુધી જનહિતની વાતો પહોંચાડી શકાય એવા ઉદ્દેશ સાથે ગાંધીનગર કલ્ચરલ ફોરમ 'અર્ક'



વ્યાખ્યાનમાળા અંતર્ગત સમયાંતરે જાહેર પ્રવચનનું આયોજન કરે છે.

'અર્ક' વ્યાખ્યાનમાળાની આ શ્રૃંખલામાં તા. ૧૩મી નવેમ્બરને બુધવારે સાંજે ૬.૦૦ વાગ્યે ટાઉનહોલ, ગાંધીનગર ખાતે પરમ પૂજ્ય ભાઈ શ્રી રમેશભાઈ ઓઝાનું વકતવ્ય યોજાશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ સ્થાપનાનું ૨૫મું વર્ષ 'પ્રસન્નતાનું ૨૫મું વર્ષ' તરીકે ઊજવી રહ્યું છે ત્યારે 'અર્ક' વ્યાખ્યાનમાળા અંતર્ગત પ્રસન્નતાને મૂળમંત્ર તરીકે રાખીને આધ્યાત્મિક ઉત્કર્ષ ક્ષેત્રે પ્રેરણાદાયી પ્રતિભા, વિદ્વાન વેદાન્તી, તત્ત્વજ્ઞાની અને વિશ્વપ્રસિદ્ધ વક્તા પરમ પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા 'પ્રસન્નતા જ સફળતાની પારાશીશી' વિષય પર ચિંતનાત્મક વકતવ્ય આપશે.

ગુજરાતના સુપ્રસિદ્ધ ભાગવત કથાકાર પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના 'અર્ક' વ્યાખ્યાનના આમંત્રણ કાર્ડ ગાંધીનગર સમાચાર કાર્યાલય, સેકટર-૮ ખાતેથી વિનામૂલ્યે ઉપલબ્ધ છે.

જાહેર જનતાને પોતાના આમંત્રણ વિનામૂલ્યે - સમયસર મેળવી લેવા અનુરોધ છે.

## આજે કોંગ્રેસનું જનવેદના આંદોલન

ગાંધીનગર, તા. ૧૧

આજે કોંગ્રેસ પક્ષ દ્વારા જનવેદના આંદોલન સત્યાગ્રહ છાવણી ખાતે યોજાશે. બપોરે બે વાગે આ આંદોલનનો કાર્યક્રમ આપવામાં આવ્યો છે.

આ કાર્યક્રમ પ્રદેશ સમિતિના આદેશને પગલે આપવામાં આવ્યો છે. જેમાં કેન્દ્ર તથા રાજ્યની ભાજપ સરકારની પ્રજા વિરોધી નીતિઓ અને નિષ્ફળતાને કારણે સર્જાયેલી આર્થિક મંદી, બેરોજગારી, ખેડૂતોની બરબાદી, કાયદો અને વ્યવસ્થાની કથળેલી સ્થિતિ સહિતના મુદ્દાઓને વાચા આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં પ્રદેશ કોંગ્રેસના આગેવાનો, ધારાસભ્યો, કાઉન્સીલરો, ચારેય તાલુકા પંચાયતના સભ્યો, જિલ્લા પંચાયતના સભ્યો, ચારેય તાલુકાના કોંગ્રેસના આગેવાનો-કાર્યકરો હાજર રહેશે.

# સેક્ટર-૩૦માં નવા રહેણાંકોનું લોકાર્પણ ટૂંક સમયમાં કરાશે

### ગેસ લાઇનની કામગીરીના વિલંબના લીધે આવાસ યોજનાનુ કામ અટવાયુ હતુ : નવા આવાસોની ફાળવણીના અંતે પ્રતિક્ષા યાદી હળવી થશે

ગાંધીનગર તા ૧૧

સે-૩૦ માં નિર્માણ કરાયેલા નવા આવાસોનુ કામ પુર્ણ થતા હવે આવાસોનુ લોકાર્પણ કરાશે. ગેસ લાઈનની કામગીરીમાં વિલંબ થવાના લીધે આવાસોની ફાળવણી થઈ શકી નથી જયારે હવે ટુંકમાં જ નવી આવાસ યોજનાનુ લોકાર્પણ કરાશે.

શહેરના સે-૩૦ માં નવા આવાસોની યોજનાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. ટુંકમાં જ આ નવા આવાસોનુ લોકાર્પણ કરાશે. હાલ શહેરમાં રહેણાંકને લાયક મકાનો નથી જયારે જુના અને કંગાળ મકાનો તોડવા માટે પણ કામગીરી ચાલી રહી છે.આવા સંજોગોમાં માર્ગ મકાન વિભાગના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. પરંતુ નિકાલ હેઠળના ભયજનક મકાનોનો કડુસલો કરાયા બાદ હાલ માર્ગ મકાન વિભાગ પાસે રહેણાંકને લાયક મકાનો વિશેષ રહ્યા નથી.શહેરમાં સે-૬ માં હાલ નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે.જયારેજુના અને કંગાળ મકાનો તોડી નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. ત્યારે જુના આવાસો તોડાયા બાદ જગ્યા ખુલ્લી થયા બાદ નવા આવાસો બાંધવા માટે નવી સાઈટ નક્કી કરાશે. ગત વર્ષે દરમિયાન સે-૨૯ માં નવા આવાસોનુ લોકાર્પણ કરાયુ હતુ. પરંતુ સે-૩૦ માં નવા આવાસો બાંધવાની કામગીરીમાં થોડો વિલંબ થતા હજુ સુધી આ નવા મકાનોમાં કર્મચારીઓનો વસવાટ શરૂ થઈ શક્યો નથી સે-૩૦ ના આવાસોની યોજના અન્વયે ગેસ લાઈનના જોડાણની કામગીરી વિલંબથી થતા આવાસોના લોકાર્પણનુ કામ પણ અટવાયુ હતુ. જો કે હવે આ સઘળી કામગીરી પુર્ણ થતા ટુંક સમયમાં જ આવાસોનુ લોકાર્પણ કરાશે.


**લગ્ન વિષયક**

ઉંમર-૩૫, અભ્યાસ-૧૨, જ.તા. ૩૦/૧૧/૧૯૮૪, નોકરી - ભારતીય વાયુસેનામાં સાર્જન્ટ રેન્ક પર કાર્યરત, ગાંધીનગર, પગાર- ૬૫૦૦૦/- માસીક, મુળ વતન ગુમલા-ઝારખંડ, જાતિ - સૌનિક હિન્દુ, હાલ - સુરમ્ય બંગ્લોઝ, મકાન નં.૩૧, મોટા ચિલોડા, તા.જી. ગાંધીનગર ખાતે રહેતા યુવક માટે સમાન જાતિની કન્યા સ્વીકાર્ય છે.

અમીતકુમાર કેદાર સાહુ
મો. ૯૭૧૭૫૪૧૩૦૦



**હાર્દિક અભિનંદન**



શ્રી નરેશભાઈ દવે
પ્રમુખ, ગાંધીનગર જિલ્લા મંડપ એસોસીએશન

ગાંધીનગર જિલ્લા મંડપ એસોસીએશનના પ્રમુખ તરીકે બિનહરીફ વરણી થવા બદલ શ્રી નરેશભાઈ દવે તથા તેમની ટીમને હાર્દિક શુભેચ્છા....

-● શુભેચ્છક ●-

નરેન્દ્ર વ્યાસ
પ્રમુખ
શ્રી સમસ્ત બ્રહ્મસમાજ
સેક્ટર-૨૩ શાખા

નિલાબેન શુક્લ
કોર્પોરેટર વોર્ડ નં.૪
મહાનગરપાલિકા
ગાંધીનગર

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, સેક્ટર-૨૩ના હોદ્દેદારોશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ



**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com